# સાંતાક્રુઝમાં મલખંભ સ્પર્ધા

મુંબઈ : સાંતાક્રુઝની સાને ગુરુજી આર્ય વિદ્યામંદિરે મલખંભને ફરી લોકપ્રિય બનાવવા અને તેને પુનઃ જીવંત કરવા માટે નાણાવટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે કરાર કર્યો છે. તે અનુસાર યોજવામાં આવેલી મલખંભ સ્પર્ધામાં મુંબઈની વિવિધ શાળાઓના ૨૩ ટીમના લગભગ ૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. બાંદરાની મહાત્મા ગાંધી વિદ્યાલયના કિશોરો અને કન્યાઓ તેમાં વિજેતા બન્યા હતા તેમજ ૩૫ ખેલાડીઓને તેમણે દાખવેલા કૌશલ્ય માટે ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

